Ref.(I.T.) No.11/2012
Order Under Ex-09

## ઔદ્યોગિક ન્યાય પંચ નં.ર ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ (આઈ.ટી.) નં.૧૧/ર૦૧ર

પ્રથમ પક્ષકાર :– સંજીવની હોસ્પિટલ
(સંજીવની આરોગ્ય ટ્રસ્ટ ચલથાણ સંચાલિત)
મુ.પો.ચલથાણ, તા.પલસાણા, જી.સુરત.

::– વિ રૂ ઘ્ધ –::

બીજા પક્ષકાર :– સંજીવની હોસ્પિટલમાં કામ કરતા
કામદારો/કર્મચારીઓના યુનિયન પ્રતિનિધિ તરીકે
સુરત લેબર યુનિયન, (રજી.નં.જી–૧૦પ૦)
ઠે.૧૧૧, ડો.આંબેડકર કોમ્પ્લેક્ષ, રીંગ રોડ,
માન દરવાજા, સુરત.

પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ.શ્રી જે.બી.જરીવાલા
બીજા પક્ષકાર તરફે :– યુનિયન પ્રતિનીધિ શ્રી દિપકભાઈ પીપરોડીયા

## :– વચગાળાની રાહત મેળવવા માટેની આંક–૦૯ ની અરજી નીચે હુકમ –:

**(૧)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર યુનિયને પગાર ધોરણ, મોંઘવારી ભથ્થુ, હાઉસ રેન્ટ એલાઉન્સ, વોશીંગ એલાઉન્સ વિગેરે કુલ રર માંગણીઓ અંગે ડીમાન્ડ રેફરન્સ કરેલ છે. જેનો આખરી નિર્ણય કરવામાં ખુબ જ સમય જાય તેમ છે. જેથી આજની કારમી મોંઘવારીમાં ખુબ જ ઓછા પગારમાં કર્મચારીઓ પોતાનો અને પોતાના કુટુંબનો જીવન નિર્વાહ ચલાવી શકે તેમ ન હોઈ વચગાળાની રાહતની અરજી રજુ કરેલ છે. કર્મચારીઓને કોઈ મોંઘવારી ભથ્થાની ચુકવણી કરવામાં આવતી નથી જયારે બીજી બાજુ મોંઘવારી કુદકે ને ભુસકે વધતી જાય છે અને રૂપિયાની ખરીદ શકિત ખુબ જ ઓછી થઈ ગયેલ છે. જેથી કર્મચારીઓને તાત્કાલિક રાહત આપવી જરૂરી છે. આ વચગાળાની રાહત પેટે પ્રથમ પક્ષકાર હોસ્પિટલ તમામ કર્મચારીઓને માસિક રૂા.૪૦૦૦/– ચુકવી આપે અને તેવી વચગાળાની રાહત તા.૦૧/૦૧/ર૦૧૦ થી ૩૧/૧ર/ર૦૧ર સુધીના સમયગાળા માટે તથા ત્યાર બાદ આખરી એવોર્ડ થતા સુધી નિયમિત ચુકવતા રહે તેવી માંગણી છે. ઉપરોકત સંજોગો અને હકીકતો જોતાં, પ્રથમ પક્ષકારની આર્થિક ક્ષમતા અને વધતી જતી મોંઘવારીને લક્ષમાં લેતાં વચગાળાની રાહત મંજુર કરવાનો મજબુત કેસ પ્રસ્થાપિત થાય છે.

**(૨)** પ્રથમ પક્ષકાર તરફે આંક–૩૩ થી વચગાળાની રાહતની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકાર તરફેની વચગાળાની રાહતની અરજીની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, કલમ–૧૦(૪) મુજબ ન્યાયીક નિર્ણય માટે તકરારી મુદ્દા નિર્દિશ કરેલા હોય ત્યારે તે મુદ્દા અને તેની આનુષંગિક બાબતનો જ ન્યાયીક નિર્ણય કરવાનો રહે છે. બીજા પક્ષકારની એકંદર હકીકત જોતાં બીજા પક્ષકારની રજુઆત ટર્મ્સ ઓફ રેફરન્સથી વિપરીત છે એટલે કે, પગાર ધોરણ, મોંઘવારી ભથ્થુ કે અન્ય માંગણીઓ અંગેનો મુદ્દો કાયદા અને હકીકતનો પ્રશ્ન છે. આ સંજોગોમાં વચગાળાની કોઈ રાહત કાયદા તથા નિયમ મુજબ મળી શકતી નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા સંબંધિત કામદારોને મજુર કાયદા મુજબ મળવા પાત્ર લાભો આપે છે. મોંઘવારી ભથ્થુ, ઓવર ટાઈમ એલાઉન્સ અન્ય મુળ ડીમાન્ડ રેફરન્સ નં.૨૨/૨૦૦૫ માં થયેલા હુકમ, કરાર મુજબ તમામ લાભો આપતા આવેલ છે. બીજા પક્ષકારનો પ્રથમ દર્શનીય કેસ નથી. સગવડ અગવડની સમતુલા બીજા પક્ષકારની તરફેણમાં નથી. પ્રથમ પક્ષકારે સર્વોદય લેબર યુનિયન સાથે તાલ્લુક ધરાવતા ૪૧ કામદાર/કર્મચારીઓનો ૨(પી) નો એગ્રીમેન્ટ કરેલો છે અને તે મુજબ મળવા પાત્ર માંગણીઓ સંસ્થાએ સ્વિકારેલી છે. તે જ રીતે આશરે ૨૭ જેટલા અન્ય કામદાર/કર્મચારીઓની માંગણી અંગે હાલ સમાધાનની કાર્યવાહી ચાલુ છે. ઉપરોકત હકીકતે બીજા પક્ષકારની વચગાળાની રાહતની અરજી રદ થવા પાત્ર છે.

**(૩)** બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધીશ્રી દિપકભાઈ પીપરોડીયાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં અરજી મુજબની હકીકતો જણાવેલ છે.

**(૪)** પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી જે.બી.જરીવાલાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓના લેખિત જવાબ મુજબની હકીકતો જણાવેલ છે.

**(૫)** બીજા પક્ષકાર તરફેની આંક–૯ ની અરજી તથા પ્રથમ પક્ષકાર તરફેનો આંક–૩૩ વાળો લેખિત જવાબ તથા પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લેતાં, બીજા પક્ષકાર તરફેની આંક–૯ ની અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

::– મુદ્દા –::

મુદ્દા નં.(૧) શું બીજા પક્ષકારનો પ્રથમ દર્શનીય કેસ છે ?
મુદ્દા નં.(૨) શું સગવડ અગવડની સમતુલા બીજા પક્ષકારની તરફેણમાં છે ?
મુદ્દા નં.(૩) શું હાલની અરજી મંજુર કરવામાં ન આવે તો બીજા પક્ષકારને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન જવાનો સંભવ છે ?
મુદ્દા નં.(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

મુદ્દા નં.(૧) નકારમાં.
મુદ્દા નં.(૨) નકારમાં.
મુદ્દા નં.(૩) નકારમાં.
મુદ્દા નં.(૪) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

**(૬)** કારણો : મુદ્દા નં.(૧) થી (૩)

(૬.૧) બીજા પક્ષકાર તરફેની આંક–૦૯ ની અરજી વંચાણે લેતાં, વચગાળાની રાહત પેટે માસિક રૂા.૪,૦૦૦/– મેળવવા માંગણી કરવામાં આવેલ છે. વચગાળાની અરજીમાં ખુબ જ ઓછા પગારમાં કામદારો જીવન નિર્વાહ ચલાવી શકે તેમ ન હોવાનું તેમજ કામદારોને કોઈ મોંઘવારી ભથ્થાની ચુકવણી કરવામાં આવતી ન હોવાનું જણાવેલ છે. બીજા પક્ષકાર તરફે કામદારોને હાલમાં કેટલો પગાર મળે છે તે જણાવેલ નથી. કામદારોને નિમણુંક પત્ર, હકક રજા કાર્ડ, હાજરી કાર્ડ, આઈકાર્ડ, પી.એફ.સ્લીપ આપવામાં આવતી ન હોવાનું માંગણા નિવેદનમાં જણાવેલ છે. કામદારોને પગાર સ્લીપ આપવામાં આવતી ન હોવાનું માંગણા નિવેદનમાં જણાવેલ નથી. બીજા પક્ષકાર તરફે આ કામે કામદારોની પગાર સ્લીપ રજુ કરવામાં આવેલ નથી. જેથી કામદારોને ચુકવવામાં આવતો પગાર લઘુત્તમ વેતન કરતા ઓછો હોવાનું તેમજ જીવન નિર્વાહ ચલાવી ન શકાય તેવો ઓછો પગાર હોવાનું તેમજ કામદારોને મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવતુ ન હોવાનું આ તબકકે માની શકાય તેમ નથી કે પ્રથમ દર્શનીય રીતે નકકી થઈ શકે તેમ નથી.

(૬.૨) આ કામે પ્રથમ પક્ષકાર તરફે રેફ.(આઈ.ટી.)નં.૨૨/૨૦૦૫ ના કામના અત્રેની અન્ય ઔદ્યોગિક અદાલતના તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજના ચુકાદાની ઓનલાઈન નકલ રજુ કરવામાં આવેલ છે. જે ચુકાદાની ખરાઈ બાબતે બીજા પક્ષકાર તરફે કોઈ તકરાર કે રજુઆત નથી. સદર ચુકાદો હાલના કેસના પક્ષકારો વચ્ચેનો હાલના રેફરન્સ મુજબની અન્ય સમયગાળાની

માંગણીઓ અંગેના રેફરન્સનો ચુકાદો છે. સદર ચુકાદો વંચાણે લેતાં, બીજા પક્ષકાર તરફે રજુ થયેલ માંગણીઓ સંદર્ભે જોતાં મહદઅંશે મોટા ભાગના ૧૫૦ પૈકી ૧૧૬ કામદારોએ સમાધાન કરી લીધેલ હોવાનું તેમજ કામદારોને સરકારી ધારાના દર પ્રમાણે લઘુત્તમ વેતન ચુકવવામાં આવતુ હોવાનું, નિર્વિવાદ હોવાનું તેમજ મોંઘવારી ભથ્થુ પણ સરકારી ઈન્ડેક્ષ મુજબ ચુકવવામાં આવતુ હોવાનું તારણ આપેલ છે. આ ઉપરાંત, પ્રથમ પક્ષકાર સંજીવની હોસ્પિટલ કોઈ ભારે નફો કરતી સંસ્થા ન હોવાનું તેમજ પ્રથમ પક્ષકાર હોસ્પિટલે તા.૧૮/૦૪/૨૦૧૧ ના રોજ જવાબ રજુ કર્યો ત્યારે તે તારીખ સુધીના રૂા.૧,૨૫,૦૦૦/– હજાર જેટલી ખોટ થયેલ હોવાની હકીકત સંબંધે ઓડીટ થયેલ હિસાબોમાં કોઈ વિરોધાભાસ હોવાનું કે તેનાથી વિરૂધ્ધની કોઈ હકીકત હોવાનું પુરવાર થતુ ન હોવાનું તારણ આપેલ છે. આમ, પક્ષકારો તરફેનો પુરાવો નોંધ્યા બાદ ગુણદોષ ઉપર આપવામાં આવેલ તારણો ધ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર હોસ્પિટલ કામદારોને લઘુત્તમ વેતન ચુકવતી હોવાનું તેમજ મોંઘવારી ભથ્થુ પણ ચુકવતી હોવાનું સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત, પ્રથમ પક્ષકાર હોસ્પિટલ ભારે નફો કરતી સંસ્થા ન હોવાનું અને ૨૦૧૧ ના વર્ષમાં ખોટ કરતી હોવાનું પણ સ્પષ્ટ થાય છે. બીજા પક્ષકાર તરફે માંગણા નિવેદનમાં પ્રથમ પક્ષકાર હોસ્પિટલ બહોળો અને ખુબ જ મોટો નફો કરતી હોવાનું જણાવેલ છે. પરંતુ તેવી હકીકતનો સમર્થનકારી કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આ તમામ હકીકતો ધ્યાને લેતાં, વચગાળાની રાહત પેટે માંગ્યા મુજબનો પગાર વધારો ચુકવવા હુકમ કરવા માટે બીજા પક્ષકારનો મજબુત પ્રથમ દર્શનીય કેસ નથી.

(૬.૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે નિ.૧૩૪/૨ થી રજુ થયેલ તા.૧૮/૧૨/૨૦૧૪ ના રોજનો રાજીનામાં અંગેનો પત્ર વંચાણે લેતાં, કુલ–૨૭ કામદારોએ બીજા પક્ષકાર સુરત લેબર યુનિયનમાંથી રાજીનામું આપેલ છે અને સદર યુનિયનમાંથી છુટા થયેલ હોવાનું જાહેર કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે નિ.૧૩૪/૩ થી રજુ થયેલ તા.૨૨/૧૨/૨૦૧૪ ના રોજના બે અધિકાર પત્રો વંચાણે લેતાં, હાલના રેફરન્સના કામે અનુક્રમે ૪૦ અને ૨૭ કામદારોએ સર્વોદય લેબર યુનિયનને અધિકાર પત્ર આપેલ છે. પ્રથમ પક્ષકાર તરફે નિ.૧૩૪/૪ થી રજુ થયેલ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) મુજબના સમાધાન કરારની ઝેરોક્ષ વંચાણે લેતાં, વિવિધ માંગણીઓ સંબંધે સર્વોદય લેબર યુનિયન તથા પ્રથમ પક્ષકાર વચ્ચે સમાધાન કરાર થયેલ છે અને સદર કરારમાં કુલ–૫૨ કામદારોએ સહી કરેલ છે. જેમાં લઘુત્તમ પગાર તથા મોંઘવારી

ભથ્થા અને અન્ય માંગણીઓ અંગે સમાધાન થયેલ છે. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, હાલની વચગાળાની અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવી યોગ્ય અને ન્યાયોચીત જણાતુ નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વચગાળાની રાહત પેટે માંગ્યા મુજબનો પગાર વધારો ચુકવવા હુકમ કરવા માટે બીજા પક્ષકારનો મજબુત પ્રથમ દર્શનીય કેસ નથી. પ્રથમ પક્ષકાર હોસ્પિટલની આર્થિક સ્થિતિ ધ્યાને લેતાં, માંગ્યા મુજબની દાદ મંજુર કરવામાં આવે તો પ્રથમ પક્ષકાર સંસ્થાને અગવડતા ઉભી થાય તેમ છે અને તે રીતે સગવડ અગવડની સમતુલા બીજા પક્ષકારની તરફેણમાં નથી અને તેથી બીજા પક્ષકારને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થવાની સંભાવના નથી. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૪ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) બીજા પક્ષકારની આંક–૦૯ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૧૦ મી ફેબ્રુઆરી–૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)